# શહેરમાં ગરમી ૪૪ ડીગ્રીની નજીક


### આકરી ગરમીમાં વસાહતીઓ હેરાન પરેશાન થયા : હીટવેવની અસરથી શહેરના માર્ગો સુમસામ બન્યા : રાત્રે પણ ખુબ ગરમી અનુભવાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં આજે હીટવેવની મહત્તમ અસર જોવા મળી હતી. મહત્તમ તાપમાન ૪૩.૮ ડિ.સે. સુધી પહોંચતા વસાહતીઓએ બળબળતા ઉનાળાનો અહેસાસ કર્યો હતો. જોરદાર ગરમી પડતા આખો દિવસ વસાહતીઓ ઘર કે ઓફિસમાં ભરાઈ રહ્યા હતા. હીટવેવની સીધી અસર જનજીવન પર જોવા મળી હતી.

એપ્રિલ મહિનામાં જ ઉનાળો તેનુ રૌદ્ર રૂપ બતાવી રહ્યો છે. હજુ તો એપ્રિલ મહિનો અડધો પણ નથી થયો ત્યાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીથી પણ વધી ગયુ છે. હવામાન વિભાગે થોડાક દિવસ અગાઉ હીટવેવની આગાહી કરી હતી. આગાહી અનુસાર જ છેલ્લા બે દિવસથી હીટવેવની ફૂલ અસર જોવા મળી રહી છે. સવારથી જ ગરમી પડવાની શરૂઆત થઈ જાય છે. સૂર્યોદય થતાં જ તાપમાન ધીમે ધીમે વધવા લાગે છે. સવારે દસ વાગે તો જાણે ખરો બપોર હોય તેવો તડકો પડવા માંડે છે. ઘરની બહાર નીકળવાનુ પણ મુશ્કેલ બની જાય છે. બપોરે ૧૨ થી સાંજે ૫ વાગ્યા સુધી તો સતત લુ ફુંકાય છે. આ સમયગાળા દરમ્યાન વસાહતીઓ ઘરની બહાર નીકળવાનુ ટાળી રહ્યા છે. ડામરની સડકો જાણએ આગ પર શેકાતી હોય તેવી ગરમ થઈ જાય છે. આકરી ગરમીના પરિણામે જનજીવન અસ્તવ્યસ્ત જોવા મળી રહ્યુ છે. નગરના માર્ગો એકદમ સુમસામ બની જાય છે. બજારોમાં સન્નાટો છવાતા વેપારીઓ પણ બપોરે બે-ચાર કલાક આરામ ફરમાવી લે છે.




ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના તમામ શહેરોમાં હીટવેવ જળવાયેલી રહી હતી. મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીથી વધુ નોંધાયુ હતુ. અમદાવાદમાં પણ આટલી જ ગરમી નોંધાઈ હતી. આ ઉપરાંત પાટણ, ડીસા, પાલનપુર જેવા ઉત્તર ગુજરાતના શહેરો પણ ખુબ તપ્યા હતા. સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં હીટવેવની મહત્તમ અસર જોવા મળી હતી.

દિવસ દરમ્યાન પડેલી આકરી ગરમીની અસર છેક મોડી રાત સુધી રહી હતી. આખો દિવસ માર્ગો ખુબ તપ્યા હોવાથી સૂર્યાસ્ત બાદ પણ લુ ની અસર રહી હતી. ઘરના આંગણાઓમાં બેસવાથી પણ ગરમીથી છુટકારો મળતો ન હતો. વસાહતીઓએ આંગણાઓમાં પાણીનો છંટકાવ કરી ગરમીમાં રાહત મેળવવા પ્રયાસ કર્યો હતો. ઠંડા પીણાની દુકાનો અને પાર્લરો પર ભીડ જામેલી જોવા મળી હતી. શેરડીના કોલા અને બરફગોળાની લારીઓ પર મોડી રાત સુધી ભીડ જોવા મળી હતી.

# ટાઉન પ્લાનર અને આસી.પ્લાનર રૂ.૧૫ લાખની લાંચ લેતા ઝડપાયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં ટાઉન પ્લાનર અને આસી. પ્લાનર ના અભિપ્રાય માટે લાંચ માંગી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. બે લાંચીયા અધિકારી



રૂ.૧૫ લાખની લાંચ લેતા એસીબીએ ઝડપી પાડ્યા છે. પેટ્રોલ પંપની જમીન અંગે એનએ



લાંચ લેતા ઝડપાતા શહેરના અન્ય લાંચીયા અધિકારીઓમાં સન્નાટો છવાયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૮ સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે આવેલી નગર નિયોજનની કચેરીમાં ટાઉન પ્લાન્ર તરીકે ફરજ બજાવતા વર્ગ-૧ અધિકારી એન. એન. મહેતા અને એક આસી. ટાઉન તેમજ અભિપ્રાય માટે સેકટર-૧૦ સ્થિત નગર નિયોજનની કચેરીના ટાઉન પ્લાનર એન.એન.મહેતા તેમજ અન્ય એક આસી. પ્લાનર સંજય હઠીલાને રૂ. ૧૫ લાખ લેતા એસીબીની ટ્રેપમાં પકડાઈ ગયા છે. નગર નિયોજન કચેરીના ટાઉન મુજબ ફાઈનલ પ્લોટના માપ કાઢવા તથા અભિપ્રાય માટે ગુડામાં અરજી કરવામાં આવી હતી. જેના અનુસંધાન બંને પ્લોટના માપ કાઢવાની તથા તેનો અભિપ્રાય આપવાની સત્તા આ કામના આરોપી નં. ૧ની હોઈ આ

### એસીબીએ ટ્રેપમાં બંને અધિકારીઓને ઝડપી પાડ્યા

પ્લાનર સંજય હઠીલા રૂ.૧૫ લાખની લાંચ લેતા આબાદ એસીબીના હાથે ઝડપાઈ ગયા છે. મળતી વિગત મુજબ ફરીયાદીના પત્નીના નામે શેરથા ગામે કલેકટર દ્વારા બે પ્લોટ સોંપેલ હતા. જે પ્લોટના ફાઈનલ માપ માટે ગુડામાં અરજી કરી હતી. જે પ્લોટના માપ પ્લાનર લાંચ લેતા પકડાતા કચેરીમાં સન્નાટો વ્યાપી ગયો હતો. એસીબીની ટ્રેપને લઈ ગાંધીનગરના લાંચીયા અધિકારીઓમાં ફફડાટ ફેલાયો છે. જયારે એસીબી પોલીસે બંન્ને લાંચીયા અધિકારીઓને પકડી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી વિગતો બંને પ્લોટનું માપ કાઢવાના તથા અભિપ્રાય આપવાના અવેજ પેટે રૂ. ૧૫ લાખની માંગણી કરેલ જે હેતુલક્ષી વાતચીતનું ફરિયાદીએ રેકોર્ડીંગ કરી લીધેલ અને આ કામના ફરિયાદી આ લાંચના રૂપિયા આપવા માંગતા નહોતા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૧૫ અને ગ્રામ્યમાં કોરોનાના બે કેસ નોંધાયા

### નેશનલ લો યુનિ. કેમ્પસમાં ૧૫ વિદ્યાર્થી કોરોનાની ઝપેટમાં અડાલજમાંથી કોરોનાના વધુ બે કેસ મળતાં તંત્ર દોડતુ થયુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં આજે એક સાથે ૧૫ કેસ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બે કેસ કોરોનાના નોંધાતા જિલ્લાના આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

જિલ્લામાં કોરોનાની ત્રીજી લ્હેર સમાપ્તી તરફ હતી ત્યારે આજે એકાએક ગુજરાત લૉ યુનિવર્સિટીના ૧૫ વિદ્યાર્થીઓનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં સમગ્ર શિક્ષણજગતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો. મોડી સાંજે ૨૦ જેટલા વિદ્યાર્થીઓની કોરોના રિપોર્ટમાં શંકાસ્પદ પોઝીટીવ જણાયા છે.

મળતી વિગતો પ્રમાણે ૧૫ વિદ્યાર્થી પૈકી એક વિદ્યાર્થી દિલ્હી તો બીજો એક વિદ્યાર્થી તામિલનાડુથી અહિ આવ્યા હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ વિદ્યાર્થીઓના સંપર્કમાં આવેલા અન્યોની યાદી તૈયાર કરી અને તેમને હોમ આઈસોલેટ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

તંત્રએ ગઈકાલે એક વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી અને ક્લોઝ કોન્ટેક્ટમાં આવેલા વિદ્યાર્થીઓના એન્ટીજન ટેસ્ટ કરતાં આખો વિસ્ફોટ બહાર આવવા પામ્યો હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ આજે કેમ્પસમાં ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓના ટેસ્ટ કર્યા હતા જેમાં ૧૪ વિદ્યાર્થીના રિપોર્ટ પોઝીટીવ જણાયા હતા.

મળતી વિગતો પ્રમાણે એક વિદ્યાર્થીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેર નોલેજ સીટી તરીકે ડેવલપ થઈ રહ્યુ છે ત્યારે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આવતા બહારના વિદ્યાર્થીઓનું ટેસ્ટીંગ મોનીટરીંગ થાય તેવી માંગ શહેરમાં ઉઠવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પાણી ગટર વેરાના ૩ કરોડના માંગણા સામે માત્ર ૯૦ લાખની વસુલાત

### તંત્રના ચોપડે જુના બાકી માંગણાનો આંકડો પણ ઉંચો : નબળી વસુલાતને અનુલક્ષી ઝડપથી બાકીદારોને નોટીસ અપાશે : આમછતા વેરો નહીં ભરવામાં આવે તો જોડાણ કાપવા સુધીના પગલા લેવા પણ વિચારણા

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં પાણી ગટર વેરાની વસુલાત ઝુંબેશના અંતે શહેરના સે-૧ થી ૩૦ અને સમાવિષ્ટ ગામોમાંથી અંદાજિત રૂ ૩ કરોડના બાકી માંગણા સામે માત્ર ૯૦ લાખ વસુલાયા છે. જયારે વસુલાત ક્ષેત્રે માંડ ૩૦ ટકા જ કામગીરી થઈ છે. ત્યારે વસુલાત ક્ષેત્રે નબળી કામગીર માટે સેકટરોની સાથે ગ્રામ્ય વિસ્તાર પણ જવાબદાર હોવાનુ મનાય છે. ગામડાઓ વેરો ચુકવવામાં સાવ નિરસતા દાખવતા હોવાનુ સ્પષ્ટ થયુ છે. આ મામલે તંત્રએ પણ આ વર્ષે કડક વસુલાત હાથ ધરવાનો નિર્ણય લીધો છે. વેરા વસુલાત અન્વયે બાકીદારોને વહેલી તકે નોટીસ પણ આપવામાં આવશે જયારે વેરો ન ચુકવનારના જોડાણ પણ કાપવા સુધીના પગલા લેવાશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

શહેરમાં પાણી ગટર સેવા માટે પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આકરી ગરમીના દિવસોમાં પણ ઘરે ઘરે પાણી પહોંચતુ કરવા માટે સરકાર તોતિંગ ખર્ચ કરે છે. આમછતા મહામુલા પાણીની સેવા સામે સામાન્ય વેરો ચુકવવામાં પણ નિરસતા દાખવતા જોડાણકર્તાઓના લીધે વેરા વસુલાત ક્ષેત્રે સદંતર નબળી કામગીરી થઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરના સે-૧ થી ૩૦ અને શહેરી વિસ્તારના ગામો સહીત અંદાજિત ૨૬ હજારથી પણ વધુ જોડાણકર્તાઓ પાસેથી વેરો વસુલવા માટે ગત માર્ચ મહીનામાં ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેમાં જોડાણકર્તાઓને ૧૦ ટકા સુધીનુ વળતરનો લાભ પણ આપવામાં આવતો હતો આમછતા વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ માંડ ૩૦ ટકા જ કામગીરી થઈ હોવાનુ આંકડા પરથી સ્પષ્ટ થયુ છે. શહેરના નવા અને જુના સેકટરો સહીત સમાવિષ્ટ ગામોમાંથી અંદાજિત કુલ ૩ કરોડ જેટલી વેરાની રકમ વસુલવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી પરંતુ તંત્રના ચોપડે આ વસુલાતના અંતે માંડ ૯૦ લાખ આવ્યા છે. જયારે બાકીદારો આ મામલે બિન્દાસ્ત છે. એપ્રિલ મહીનાના અંતે પુર્વે જ બાકીદારો પાસેથી વેરો વસુલવા માટે નોટીસ આપવાની સુચના પણ ઉપરી અધિકારી દ્વારા આપી દેવામાં આવી છે. છેલ્લા ઘણાં વર્ષોથી વેરા વસુલાતના મામલે નબળી કામગીરી થતી હોવાનુ ચિત્ર ઉપસી આવે છે જેના લીધે નોટીસના અંતે પણ વર્ષ દરમિયાન સતત વસુલાત માટેની પ્રક્રીયા ચાલુ રહે છે પરંતુ

● અનુસંધાન પાન-૭ પર



શહેરમાં આકરી ગરમીના દિવસોમાં એકબાજુ પાણીનો વપરાશ વધ્યો છે. જયારે સેકટરવાસીઓમાં સમયાંતરે પાણીની પોકાર પણ ઉઠતી રહે છે. આ સ્થિતિ વચ્ચે તંત્ર કક્ષાએથી પણ શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિદિન પર્યાપ્ત પાણીનો પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાનો દાવો પણ કરવામાં આવે છે. પરંતુ શહેરમાં પાણીના વપરાશ સાથે પાણીનો બગાડ પણ વિશેષ થાય છે. શહેરના રહેણાંક વિસ્તારમાં પણ ટપકતા પાણીના નળ અને ઘર આંગણે બાગ બગીચાઓમાં થતા પાણીના બેફામ છંટકાવના લીધે પણ પાણીનો બગાડ થઈ રહ્યો છે. જો કે સરકારી કચેરીઓ પણ પાણી બગાડના મામલે બાકાત નથી જયારે હાલ શહેરમાં હાથ ધરાયેલી ખોદકામગીરીના લીધે પણ ઠેર ઠેર એક સાંધો ત્યાં તેર તુટે જેવી સ્થિતિ સર્જાય છે. શહેરના ઘ -૨ વિસ્તાર પાસે ખોદકામ દરમિયાન પાણીની લાઈનમાં લીકેજીસ થતા પાણીનો પુષ્કળ પ્રમાણમાં વેડફાટ થયો હતો.

# સાંકડા બ્લોકમાં કાર્યરત ગુડાની કચેરી માટે નવુ ભવન તૈયાર

### આગામી મેં મહીનામાં વાસણા હડમતિયા વિસ્તારમાં નવનિર્મિત ગુડા ભવનમાં શહેરી વિકાસ સત્તા મંડળની કચેરી કાર્યરત થશે : હાલ ફર્નિચરનુ કામ ઝડપથી પુર્ણ કરવા સુચના : સ્વચ્છતાના મામલે પણ કોઇ કચાશ રખાશે નહીં

ગાંધીનગર તા ૮

જુના વાસણા હડમતિયા વિસ્તારમાં કપાતમાં મળેલી જગ્યામાં ગુડા ભવન તૈયાર કરી દેવાયુ છે. જયારે ઓફિસ ફર્નિચર સહીતનુ કામ પણ હાથ ધરાયુ છે. ગુડાની કચેરી અસ્તિત્વમાં આવી ત્યારથી ઉદ્યોગ ભવનમાં કાર્યરત છે. ઉદ્યોગ ભવનના એક બ્લોકમાં સંકડાશમાં કામ કરતા ગુડાના તંત્રએ અનેક પ્રકારની હાલાકી વેઠવી પડે છે. ત્યારે ફર્નિચરનુ કામ પણ ઝડપથી પુર્ણ કરવા માટે સુચના આપી દેવામાં આવી છે. અધિકારીઓ પણ સાઈટની મુલાકાત લેવા માટે રાઉન્ડ લઈ રહ્યા છે. આગામી મેં મહીનામાં ગુડાનુ તંત્ર નવી કચેરીમાં કાર્યરત થશે. નવા ભવનમાં સ્વચ્છતા પણ યોગ્ય રીતે જળવાય તે માટે કોઈ કચાશ રાખવામાં આવશે નહીં.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની કચેરી હાલ વિશાળકાય ઉદ્યોગભવનના સાંકડા બ્લોકમાં કાર્યરત છે. જયારે બીજીતરફ ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ વાસણા હડમતિયામાં કપાતમાં મળેલી જગ્યા પર ગુડાનુ ભવન તૈયાર કરી દેવાયુ છે. હાલ ગુડા ભવનને અનુલક્ષી ફર્નિચરનુ કામ ચાલી રહ્યુ છે. ભવનના ફર્નિચરના કામ પાછળ પણ અંદાજિત રૂ ૪ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે ફર્નિચરનુ કામ પણ ઝડપથી પુર્ણ કરવા માટે અધિકારીઓને સુચના આપી દેવામાં આવી છે. જેના લીધે ગુડા ભવનની સાઈટ પર અધિકારીઓ રાઉન્ડ લઈ સાઈટ સુપરવિઝન પણ કરી રહ્યા છે. જયારે ગુડની નવી કચેરીમાં સફાઈ વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે વાર્ષિક રૂ ૩૧ લાખના ખર્ચે કોન્ટ્રાકટ પણ આપી દેવાયો છે. ગુડાની નવી કચેરીમાં સફાઈ સહીતના મામલે કોઈપણ પ્રકારની બેદરકારી ન દાખવવામાં આવે તે માટે પણ મુખ્ય કારોબારી અધિકારીએ સુચના પણ આપી દીધી છે. હાઉસ કીપીંગ સહીત સમગ્ર ગુડા ભવનની સ્વચ્છતા જાળવવા માટે ખાનગી પેઢીને કોન્ટ્રાકટ આપી દેવાયો છે. આગામી મેં મહીનામાં ગુડા ભવનની નવી કચેરીમાં સમગ્ર ગુડાનુ તંત્ર કાર્યરત થશે અલબત્ત ગુજરાતના સ્થાપના દિવસે જ ગુડાની કચેરી નવા બિલ્ડીંગમાં કાર્યરત થાય તે માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. જયારે આ માટે હાલ ફર્નિચરનુ કામ પણ યુધ્ધના ધોરણે પુરુ કરવા માટે સુચના આપી દેવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# ધો -૧૦ અંગ્રેજીના પેપરમાં માતાની ઘર ચલાવામાં મુશ્કેલી વિષય અંગે નિબંધ પુછાયો

### અંગ્રેજીનુ પેપર સરળ : ૫૫૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા : ધો -૧૨ ના વિદ્યાર્થીઓએ પણ સંસ્કૃત, હિન્દી, અને કોમ્પ્યુટરની પરીક્ષા આપી

ગાંધીનગર તા ૮

શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષામાં આજે ધો -૧૦ ના વિદ્યાર્થીઓએ અંગ્રેજી વિષયની પરીક્ષા આપી હતી અંગ્રેજીનુ પેપર વિદ્યાર્થીઓ માટે સરળ રહ્યુ હતુ. અંગ્રેજીમાં માતાની ઘર ચલાવામાં મુશ્કેલી, ટીચર આઈ લાઈક મોસ્ટ અને આધુનિક ગામડાની મુલાકાત જેવા રસપ્રદ વિષય અંગે નિબંધ પુછાયા હતા. જિલ્લામાંથી ૧૯૬૯૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૫૫૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા દરમિયાન જિલ્લામાં આજે એક પણ કોપી કેસ નોંધાયો નથી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલ લેવામાં આવી રહેલી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા અન્વયે આજે ધો -૧૦ ના વિદ્યાર્થીઓએ અંગ્રેજી વિષયની પરીક્ષા આપી હતી. જેમાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com